
## વડીલોને વંદન અભિનંદન



અમરબા છત્રસિંહ વાઘેલા (૧૯૫૨)મો.૯૭૩૭૭૫૫૭૫૫

# તલોદ એસ.ટી. પોઈન્ટ પર અનિયમિત રીતે દોડતી બસો

## પોઈન્ટ પ્રત્યે ઓરમાયુ વર્તન : મુસાફરોમાં રોષ

તલોદ, તા.૨૫

તલોદ એસ.ટી. પોઈન્ટ પર રોજના હજારો રૂપિયાના બસમાં અવરજવર કરવા માટે વિદ્યાર્થીઓના નીકળે છે તેથી એસ.ટી.ને મોટી આવક થઈ રહી છે પણ સુવિધાના નામે શૂન્ય હોવાનું કહેવાઈ રહ્યું છે.

બસોની અનિયમિતતા વિદ્યાર્થીઓને મોટી હાલાકીનું નિશાન બનાવી દીધું છે. અનિયમિત બસોના પરિણામે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડતી હોય છે. બસો પોઈન્ટ પર સમયસર આવતી નથી. વિદ્યાર્થીઓ રાહ જોતા બેસી રહેતા હોય છે. આ પોઈન્ટ 'શોભાના ગાંઠિયા' જેવો બની ગયો હોય તેવું પ્રજાને લાગી રહ્યું છે. તલોદ એસ.ટી. પોઈન્ટ માટે ઓરમાયું વર્તન થતું હોય તેવું વિદ્યાર્થીઓને પ્રતિત થઈ રહ્યું છે. બસો અનિયમિત આવતી હોવાથી વિદ્યાર્થીઓને ઘરે જવા જે બસ વહેલી આવે તેમાં બસોમાં છાપરાં ઉપર બેસીને જવું પડતું હોય છે.

જાણવા મળે છે કે તલોદ પોઈન્ટની પાણી ખેંચવાની મોટર બળી ગઈ હોવાથી રીપેરીંગ કરવા પ્રાંતિજ ડેપોથી હિંમતનગર મોકલી છે પણ મહિનો વીતી ગયો હોવા છતાં મોટર રીપેરીંગ કરી પાછી આવી નથી તેથી પાણીનો પોકાર પોઈન્ટ ઉપર પડી રહ્યો છે. એસ.ટી.ની કિલોમીટરની પ્રથા બંધ થાય તો ઘણી એસ.ટી.ઓના રૂટોનો લાભ પ્રજાને થઈ શકે તેમ છે. આ 'ડેપો' પુનઃ જીવીત કરવા માટે તલોદના કનુભાઈ ચુનીભાઈ પટેલે તલોદ તાલુકાની પ્રજા વતીથી વારંવાર રજૂઆતો કરી છે. લેખિતમાં પણ હોવા છતાં આજ સુધી પરિણામમાં 'મીડું' જ આવ્યું છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસામાં શહેરમાં દશામાનું વ્રત નજીક આવતાની સાથે જ બજારમાં દશામાની અવનવી મુર્તીઓનું ધુમ વેચાણ થવા માંડ્યું હતું.

## રાજ્યના ચાર દિવંગત કલાકારોને સ્વરાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કલા ગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા દ્વારા હાલમાં અવસાન પામેલા ગુજરાતના કલાકારોને તા. ૧ ઓગષ્ટ, રાત્રે ૯.૦૦ વાગે, ટાઉનહોલ ગાંધીનગર ખાતે સ્વરાંજલિ અર્પણ કરવામાં આવશે.

હાલમાં ગુજરાતના કલાકારોના અવસાન થવા પામ્યા છે. જેમાં વાર્તા, નાટ્ય અને સિનેમાક્ષેત્રે પ્રદાન કરનારા રામજીભાઈ વાણિયા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પહાડી અવાજથી નામના મેળવેલ બાબુભાઈ રાણપુરા અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સુપુત્ર નાનકભાઈ મેઘાણી તેમજ પોતાના અવાજનું કામણ પાથરનારા અરવિંદભાઈ બારોટને સ્વરાંજલિ અર્પણ કરવામાં આવશે. કાર્યક્રમમાં નિમંત્રણ કાર્ડની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. જેથી આ કલા-સાહિત્ય પ્રેમીઓએ સમયસર ઉપસ્થિત રહેવું.

## વસતિ દિન નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

શહેરના સેક્ટર-૭ સ્થિત વહાણવટી વિદ્યાલયમાં અર્બન હેલ્થ સેન્ટર દ્વારા વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર-૨ દ્વારા વહાણવટી વિદ્યાલય સેક્ટર-૭માં વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શાળાના ૨૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ-૧૦ના વિક્રમ રાવતે પ્રથમ, ધોરણ-૯ના પિયુષ પરમારે બીજો, અને ધોરણ-૧૦ના રાહુલ પારેખે ત્રીજો નંબર મેળવ્યો હતો. તેમજ અન્ય તમામ સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. કૌશલબેન ઈસરાણી, શિક્ષિકા, રમીલાબેન, ધર્મિષ્ઠાબેન અને આચાર્યા હીનાબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.



મા દશામાના વ્રતના દિવસો નજીક આવતા જ પાલનપુર શહેરના અનેક વિસ્તારમાં રંગબેરંગી શણગારેલી દશા માતાની મૂર્તિઓએ આકર્ષણ જમાવ્યું છે. શહેરના સિમલાગેટ, દિલ્હીગેટ, સ્ટેશન રોડ સહિતના વિસ્તારમાં મૂર્તિઓ અને પૂજા-વિધિની સામગ્રીની ખરીદીને લઈ મહિલાની ભારે ભીડ ઉમટી રહી છે. (હરેશ જી. જોષી)

## ખોખરા મહેમદાવાદના ૩૬ વર્ષિય યુવાન દોઢ વર્ષથી લાપતા

ગાંધીનગર, તા. ૨૫

ખોખરા મહેમદાવાદ વિસ્તારમાં સ્થિત ગુજરાત હાઉસીંગ બોર્ડ ગંગામૈયા સોસાયટીમાં રહેતા ૩૬ વર્ષીય વિજયભાઈ ચંદ્રકાન્તભાઈ જોશી ૧૮-૧-૧૩ના રોજ નોકરીએ જવાનું કહીને ચાલ્યા ગયા હતા. તેમનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. તેમની પત્નિ તથા પરિવારજનો ખોખરા પોલીસની મદદ લઈને શોધખોળ કરી રહ્યા છે. શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણા તથા ડાબા કાને વાગેલાનું નિશાન છે. કોઈને વિજયભાઈની ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા દીલીપ જોશીને મો. નં. ૭૫૬૭૨ ૨૭૬૭૭ પર જાણ કરવા પરિવારજનોએ વિનંતી કરી છે.

# હિંમતનગરના આરોગ્યનગરમાં પાર્ક કરેલી કારમાંથી લેપટોપની ચોરી

હિંમતનગર, તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં સતત બે દિવસથી રાત્રીના મહાવીરનગર વિસ્તારના ગાયત્રી મંદિર રોડ પર બે મહિલાના ગળામાંથી બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમો સોનાના દોરા તોડી લઈ ગયા હતા ત્યારે શુક્રવારે બપોરના ૧૨ વાગેના સુમારે આરોગ્યનગર વિસ્તારમાં પાર્ક કરેલ એક કારનો કાચ તોડી અંદરથી લેપટોપ સહિત રૂ. ૫૦ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદના ગોતાના અને સેન્ટ મોરીસન્ટ નામની દવાની કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા રાકેશકુમાર કાન્તિભાઈ સથવારા શુક્રવારે બપોરે ૧૨ વાગે દવાના માર્કેટીંગ માટે પોતાની સેન્ટ્રો કાર નંબર જી.જે. ૧૮-એબી-૪૩૫ લઈને હિંમતનગર આવ્યા હતા અને આરોગ્યનગરમાં પાર્કિંગ કરી હતી માત્ર ૧૦મિનિટમાં રાકેશકુમાર પરત આવતા તેમની કારનો ખાલી સાઈડના દરવાજાનો કાચ તુટેલો હતો અને અંદર મુકેલ લેપટોપ, દવાઓ, રોકડ રૂ.૫ હજાર અને કપડા ભરેલી બેગ મળી કુલ ૪૫ હજારની મત્તાની કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાનું માલુમ પડતા તાત્કાલિક રાકેશકુમાર સથવારાએ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# દલીલપુર પાસેથી બિયરનો જથ્થો ભરેલી કાર ઝડપાઈ

ધનસુરા, તા. ૨૫

ધનસુરાના દલીલપુર પાસેથી આજે ધનસુરા પોલીસે ફિલ્મીઢબે પીછો કરી બિયરની બોટલો ભરેલી કારને ઝડપી પાડી ૩૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાન રાજ્યમાંથી રોજ અસંખ્ય દારૂ ગુજરાતમાં ઠલવાય છે. રોજની અસંખ્ય દારૂ ભરેલા વાહન પકડાય છે. દરમિયાન ગતરોજ ધનસુરા પોલીસે ચેકીંગ કરતા શંકાસ્પદ હોન્ડાસીટીને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો તેમ છતાં કારચાલક કાર લઈ પુરપાટઝડપે નાશી છુટ્યો હતો. પોલીસે પણ ફિલ્મી ઢબે કારનો પીછો કરી હોન્ડાસીટી કાર નં. જીજે-૧૮ એ.સી.૭૭૮૮ ને દલીલપુર નજીકથી ઝડપી પાડી હતી. પી.એસ.આઈ બારોટે આ મામલે રૂ. ૩૧ હજારથી વધુની કિંમતની ૧૬૮ નંગ બિયરની બોટલ સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાણી અને સિંચાઈ મુદ્દે વિધાનસભામાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની ઉગ્ર રજુઆત

તલોદ, તા. ૨૫

પ્રાંતિજ તેમજ તલોદ તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં પ્રાંતિજ તેમજ તલોદ તાલુકાના પીવાના પાણી, સિંચાઈ તેમજ તળાવોમાં પાણી ભરવા પ્રશ્ને ધારદાર રજુઆત કરી સરકારે કરોડો રૂપિયા પાણી માટેના પ્રોજેક્ટ બનાવ્યા હોવા છતાં આ બન્ને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની, સિંચાઈની જોઈએ તેવી વ્યવસ્થા પુરી નહિ પાડતાં અછત ઉભી થાય તે પહેલાં તાકિદે યોગ્ય કરવા ઉગ્ર રજુઆતો કરી હતી. તેમજ તલોદને પુનઃ એસ.ટી. ડેપો આપવા ધારદાર રજૂઆત પણ કરી હતી.

આ અંગે ધારાસભ્યોએ સંબંધિત મંત્રીઓને જિલ્લાની વિવિધ સ્થળે બનાવવામાં આવેલા ડેમોમાં ભવિષ્યમાં આવનાર જળસંકટને પહોંચી વળવાના શુભ હેતુથી પાણી ઠલવવામાં આવ્યું નહિ હોવા અંગે પણ રજુઆત વિધાનસભામાં કરી હતી.

તલોદ-પ્રાંતિજ વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ઉભી કરાયેલી સુઝલામ-સુફલામ કેનાલ તથા નર્મદા પાઈપલાઈન પસાર થતી હોવા છતાં તલોદ અને પ્રાંતિજ તાલુકામાં જળસંકટની સમસ્યા ઉભી થઈ છે. અને પાણીના રિચાર્જની વાતો પોકળને પોકળ થવા લાગી છે. વાતો મોટી મોટી થાય છે અમલમાં કશુજ મુકાતુ નથી તે દુઃખદ બાબત છે.

વધુમાં આ બન્ને તાલુકાઓમાં કડાણા પાણીને બદલે નર્મદાનું પાણી પાઈપલાઈન દ્વારા ઠલવાતા કોઈ જ મતલબ રહેતો નથી. તેમજ આજ લાઈનને કોઝણ ડેમ સુઈ લંબાવવા રજુઆતો વારંવાર કરવા છતાં તેને ધ્યાને લેવાતી નથી. પ્રજા માફ કરશે નહિ તેમ જણાવ્યું હતું.

ભાટીયા-મુધાસણા કારી નદીના ચેકડેમોનું કામ ખુબજ હલકી ગુણવત્તાવાળુ કામ કરવાથી તુટી ગયા છે. જેનાથી લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. પાઈપો લીકેજ થઈ રહી છે. તળાવો ભરવાની કોઈ જ મજુરી અપાતી નથી. માત્ર ને માત્ર બે કિલો મીટરના અંતરે આવેલા તળાવોમાં નજીવા ખર્ચથી પાણી ભરાતુ હોવા છતાં નકારાત્મક અભિગમ અપનાવી મંજુરી અપાતી નથી. કામ થયું છે ત્યાં પાઈપલાઈનો હલકા પ્રકારની નાખતા પાઈપો તુટી રહી છે. તેની તપાસ થવી જરૂરી છે. લીમલા ચેક ડેમનું સમારકામ તેમજ કરોલ ડેમ સારી રીતે રીપેરીંગ કરવામાં આવે તો પ્રાંતિજ પંથકમાં પ્રશ્ન હલ થઈ શકે તેમ છે. પણ તંત્ર દ્વારા નક્કર રજુઆતો ધ્યાનમાં નહિ લેવાતા કિસાનો તેમજ લોકો તરફથી આ મામલે રજુઆત થઈ રહી છે. આ અંગે ધારાસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયાએ વિધાનસભામાં રજૂઆતો કરી છે.

# રાજ્ય સરકારે અનાજનો પુરતો જથ્થો નહી ઉપાડતા લાભાર્થીઓ રાહત દરના અનાજથી વંચિત રહ્યા

## અંદાજપત્રીય જોગવાઈ સામે મૂડીગત સદરે બે થી ૭૬ ટકા સુધીની બચત રહેવા પામી : બારકોડેડ રેશનકાર્ડ આપવામાં વિલંબ : અનાજનો પુરતો જથ્થો ન ઉપાડતા કેન્દ્રની સબસીડી ગુમાવવી પડી હતી

ગાંધીનગર, તા. ૨૫

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગોની કામગીરીના કેગ દ્વારા કરાયેલ ઓડીટમાં ગંભીર પ્રકારની ક્ષતિઓ જોવા મળી હતી. અંદાજપત્રિય જોગવાઈઓ સામે મુડીગત સદરે ૨ થી ૭૬ ટકા સુધીની બચત રહેવા પામી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

કેગના અહેવાલોમાં જણાવ્યાનુસાર ગરીબી રેખા નીચે જીવતા બીપીએલ કુટુંબોની કેન્દ્ર સરકાર દ્વારા ઓળખાયેલ સંખ્યા કરતાં વધારે કુટુંબોને રેશનકાર્ડ જારી કરવામાં આવ્યા હતા. બારકોડેડ રેશનકાર્ડ જારી કરવામાં પણ વિલંબ થવા પામ્યો હતો. કેન્દ્ર સરકારે ફાળવેલ અનાજનો પૂર્ણ જથ્થો વિભાગ દ્વારા ઉપાડવામાં આવ્યો ન હતો જેના કારણે કેન્દ્ર સરકારની સબસિડી ગુમાવવી પડી હતી.

કેન્દ્ર સરકારની ફાળવણી સામે રાજ્ય સરકાર દ્વારા ઘઉં અને ચોખાનો ઉપાડ અનુક્રમે ૩૩ ટકા અને સાત ટકા જેટલો ઓછા રહ્યો હતો. એપીએલ અને બીપીએલ શ્રેણી અને એએવાય શ્રેણીમાં ઓછા ઉપાડનું પ્રમાણ ઘઉંની બાબતમાં અનુક્રમે ૫૬ ટકા, ૩ ટકા અને ૨ ટકાનું રહ્યું હતું. અને ચોખાની બાબતમાં અનુક્રમે ૭૬ ટકા, ૬ ટકા અને ૩ ટકાનું રહ્યું હતું. આને કારણે લાભાર્થીઓ રાહતદરના અનાજથી વંચિત રહ્યા હોવાનો ઘટસ્ટોફ કેગના અહેવાલમાં થવા પામ્યો છે.

રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવાયેલ રાહતદરના અનાજનો ઉપાડ ન કરાતા વર્ષ ૨૦૦૮-૧૩ના સમયગાળામાં રૂ. ૨,૬૫૧.૭૯ કરોડની રકમની સબસીડીનું નુકશાન ગયું હતું.

અન્નપૂર્ણા યોજના અને અન્નમ બ્રહ્મ યોજના હેઠળ મહત્તમ લાભાર્થીઓને ઓળખવામાં નિષ્ફળતા મળતા યોજનાના અમલીકરણમાં ખામી રહેલી જણાઈ હતી.

આ ઉપરાંત અમદાવાદ શહેરમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ ઘઉંની જગ્યાએ ઘઉંનો પૌષ્ટિક લોટ આપવાની યોજના ઘઉંનો લોટ સસ્તો પડતો હોવા છતાં અને તેમાં વધુ પોષક તત્વો હોવા છતાં રાજ્ય સરકારે આ યોજના બંધ કરી હતી.

## શબ્દાવલી - ૫૪૫૮



**આડી ચાવી**

૧. અગાઉથી, આગવા (૪)
૪. એક તુરીયા જેવું શાક (૩)
૭. આશ્ચર્ય, નવાઇ (૩)
૮. વજનીયા (૨)
૯. મદારી, વાદી (૩)
૧૦. લાડકુ, વ્હાલુ (૩)
૧૧. હરીફાઇ (૪)
૧૪. બગડેલુ (૪)
૧૫. રંગ (૨)
૧૮. તલ્લીન (૨)
૧૯. હાથી (૨)
૨૦. કૂતરો (૨)
૨૧. ભાગોળ આગળનું મેદાન(૩)
૨૨. સગવડતાનું વિરોધી (૫)

**ઊભી ચાવી**

૧. કોલસાની ચાલતી ગાડી(૪)
૨. કાઢી મુક, ધકેલી દે (૫)
૩. સત્તા, રાજા કરે... (૨)
૫. જુઠ્ઠુ બોલવાની ટેવવાળો(૩)
૬. સુવાવડમાં સ્ત્રીઓને અપાતું ગુંદર વગેરેનું વસાણું (૩)
૧૦. બાલકૃષ્ણને લાડમાં... કહેવાય (૨)
૧૨. બરોડા (વડોદરા)નો એક જાણીતો વિસ્તાર (૫)
૧૩. વિમાન, ફુગ્ગા (૩)
૧૫. જેની સાથે સગાઇ થઇ હોય તેવી કન્યા, ફિયાન્સી (૪)
૧૬. દૃષ્ટિ, લક્ષ, ધ્યાન (૩)
૧૭. ભરોસો (૩)
૨૧. ઉપકાર (૨)

### શબ્દાવલી ૫૪૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) કન્યાદાન (૪) ખેદ (૬) સુતક (૭) કોચવાન (૯) તપકીર (૧૦) વાહર (૧૨) તાર (૧૩) રક (૧૪) કંતાન (૧૫) માઠી (૧૬) પુન (૧૮) રાહગીર (૨૦) સરોજ (૨૧) ખટરાગ

**ઊભી ચાવી :-** (૧) કસુરવાર (૨) ન્યાત (૩) દાક્તર (૪) ખેચર (૫) દવા (૭) કોકીલકંઠી (૮) નકાર (૧૧) હકલાહટ (૧૨) તાનપુરો (૧૫) મારગ (૧૭) નજર (૧૮) રાખ (૧૯) ગીરા (૨૦) સખ

### વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નર્સરીઓમાં કુલ ૯૭.૫૯ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે.

આ રોપાઓ પૈકી ૩૬.૫૮ લાખ રોપાઓનું વિતરણ કરાયું છે. મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ગાંધીનગર તા.ની નર્સરીઓમાં ૨૦૧૨-૧૩માં ૨૪.૪૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા હતા.જેમાંથી ૨૨.૯૩ લાખ રોપાઓનું વિતરણ કરાયું હતું.

માણસા તાલુકામાં ૬.૧૭ લાખ રોપા ઉછેરવામાં આવ્યા હતા અને ૪.૫૬ લાખ રોપાનું વિતરણ કરાયું હતું. દહેગામમાં ૫.૫૧ લાખ રોપા ઉછેરી ૪.૫૦ લાખ રોપાનું વિતરણ તો કલોલમાં ૫.૪૭ લાખ રોપા ઉછેરી ૪.૫૦ લાખ રોપાનું વિતરણ કરાયું હતું. આમ ૨૦૧૨-૧૩માં ૪૧.૫૭ લાખ રોપા ઉછેરવામાં આવ્યા હતા અને ૩૬.૫૮ લાખ રોપાનું વિતરણ કરાયું હતું.

૧-૩-૧૩થી ૩૧-૫-૧૪ સુધીમાં કુલ ૫૬.૦૨ લાખ રોપા ચારેય તાલુકાની નર્સરીઓમાં ઉછેરવામાં આવ્યા છે.

વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ રોપા ઉછેર પ્રવૃત્તિને કારણે બે વર્ષમાં ૧,૨૩,૬૮૬ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવી છે.

### શાનદાર શરૂઆત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગાઉ ભારતને ૪૮ કિલોગ્રામ મહિલા વેટલિફટિંગમાં એક સુવર્ણ અને એક રજત ચન્દ્રક મળ્યા હતા. મહિલા વેટલિફટિંગમાં ૪૮ કિલોગ્રામ વર્ગમાં ચાનુએ ગોલ્ડ અને એમ ચાનુએ સિલ્વર જીતી જવામાં સફળતા મેળવી હતી. કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમે પોતાની પ્રથમ મેચમાં કેનેડા પર ૪-૨થી જીત મેળવી હતી. જુડો, સ્કોવોશ, ટેબલ ટેનિસ અને બેડમિન્ટનમાં ભારતે સારો દેખાવ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે વહેલી પરોઢે રોમાંચક, દિલધડક અને રંગારંગ કાર્યક્રમો વચ્ચે શરૂઆત થઈ હતી. ૨૦માં કોમનવેલ્થ ગેમ્સના ઉદ્‌ઘાટન સમારભને જોવા માટે ચાહકોમાં પહેલાથી જ ભારે ઉત્સુકતા હતી. મહારાની એલિઝાબેથ-૨ દ્વારા ખુબ શાનદાર રીતે સજાવાવામાં આવેલા સેલ્ટિક પાર્કમાં સ્કોટલેન્ડની ભવ્ય અને ઐતિહાસિક સંસ્કૃતિની ઝલક વચ્ચે કોમનવેલ્થ ગેમ્સ શરૂ કરવાની વિધિવત જાહેરાત કરતા મેદાન પર ઉપસ્થિત લોકો ઝુમી ઉઠ્યા હતા. મેદાન પર ૩૫૦૦૦થી પણ વધારે લોકો હાજર રહ્યા હતા. ૭૧ દેશોના ૪૫૦૦ એથલીટો તેમના દેશના ગર્વને વધારવા મેદાનમાં છે. ૧૭ જુદી જુદી રમતમાં આ ખેલાડીઓ એકબીજાને પડકાર ફેંકી રહ્યા છે. સ્કોટલેન્ડમાં હજુસુધીની આ સૌથી મોટી સ્પર્ધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોમનવેલ્થમાં ભાગ લઈ રહેલા તમામ ભારતીય એથ્લિટોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સારો દેખાવ કરવા માટે શુભેચ્છા આપી છે. કોમનવેલ્થ ગેમ્સ ત્રીજી વખત સ્કોટિસ શહેરમાં યોજાઈ રહી છે આને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ૨૮૮ દિવસ સુધી ૭૧ રાષ્ટ્રો મારફતે કોમનવેલ્થ ગેમ્સની બટન રિલે પસાર કરવામાં આવી હતી. ભારતીય ખેલાડીઓ ભારે આશાસ્પદ દેખાઈ રહ્યા છે. બેડમિંટન ખેલાડી જ્વાલા ગુટ્ટા પાસેથી સારા દેખાવની અપેક્ષા રહેલી છે. એડિનબર્ગમાં બે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભુતકાળમાં કરવામાં આવ્યું છે. ભારત એવા રાષ્ટ્રો પૈકી એક રાષ્ટ્ર છે જેણે ૧૯૮૬માં એડિનબર્ગ ગેમ્સનો બહિષ્કાર કર્યો હતો.ભારત ટેબલ યાદીમાં આ વખતે ટોપ પર રહી શકે છે.

### ગાંધીનગરમાં તાળાબંધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર દ્વારા પ્રત્યેક જિલ્લામાં ૧૦૦ દિવસમાં હજારો શૌચાલયો બનાવવાની યોજના સાકાર કરવા પ્રયાસો શરૂ કરી દેવાયા છે. પરંતુ ગાંધીનગરના આંગણે લાખોના પાણીઢોળ બાદ તૈયાર કરાયેલા આ શૌચાલયો લોકઉપયોગી બની શક્યા નથી. આ મામલે અગાઉ ગુડા અને કોર્પોરેશન કક્ષાએ જવાબદારી સોંપવાના પ્રયાસો હાથ ધરાયા હતા પરંતુ સરકારી વિભાગોની ખો આપવાની નીતિના લીધે હજુ સુધી શૌચાલયો લોકઉપયોગી બની શક્યા નથી. શૌચાલયના નિર્માણ બાદ સંચાલનની જવાબદારી સોંપવા માટે સંસ્થાઓને પણ નજરઅંદાજ કરવામાં આવી રહી છે.

### મુસાફરી ટિકિટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિગતમ દ્વારા રાજ્યભરમાં ૮૦૦૦ બસો દ્વારા દૈનિક ૨૮ લાખ કિમીના સંચાલન દ્વારા ૨૩ લાખ મુસાફરોને ગામથી તાલુકા, તાલુકાથી જીલ્લા અને જીલ્લાથી રાજ્ય સુધીની પ્રવાસની સવલતો પુરી પાડવામાં આવી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ પુરવાર થશે. ભુતકાળમાં જે પેસેન્જર ટેક્ષ લેવાતો હતો તેના કારણે રૂા. ૨૭૦ કરોડની આવક રાજ્ય સરકારને થતી હતી. ઉતારૂઓને રાહત આપવાની રાજ્ય સરકારની દ્રઢ ઈચ્છા શક્તિને પરિણામે આ ટેક્ષમાં રાહત આપવાથી રૂા. ૧૫૦ કરોડની માફીનો લાભ સીધો પેસેન્જરોને મળશે. નીતિન પટેલે ગુજરાત મોટર વાહન (ઉતારૂવેરા) સુધારા વિધેયક-૨૦૧૪નો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, ગુજરાત મોટર વાહન અધિનિયમ-૧૯૯૮ની કલમ-૩ની જોગવાઈ મુજબ સ્ટેજ કેરેજથી લઈ જવાતાં તમામ ઉતારૂઓ પાસેથી સ્ટેજ કેરેના ઓપરેટરને ચુકવવાપાત્ર ૧૭.૫ ટકા દરે ઉતારૂવેરો લેવાતો હતો જે ઘટાડીને આ સુધારા દ્વારા ૭.૫ ટકા કરવામાં આવશે. જેનાથી એસટી બસના ભાડા ઘટશે અને ઉતારૂઓને રાહત થશે. એસટી બસના ભાડામાં ઘટાડો થવાથી વિદ્યાર્થી રાહત દરના પાસમાં પણ સપ્રમાણ ઘટાડો થશે સાથે સાથે દર માસે ડિઝલના ભાવમાં વધારો થવા છતાં પણ એસટી પેસેન્જર ટેક્ષમાં ઘટાડો થશે તેમજ પેસેન્જર લોડ ફેક્ટરમાં પણ વધારો થશે અને નિગમની ખોટ ઘટશે. એસટી ભાડામાં ઘટાડો થતાં તાલુકા-ગ્રામ્ય કક્ષાએ છકડા જીપ જેવા વાહનોથી થતી મુસાફરોની હેરાફેરીનું પ્રમાણ ઘટશે અને અકસ્માતોનું પ્રમાણ પણ ઘટશે. પેસેન્જર ટેક્ષમાં ઘટાડો થવાથી રાજ્ય સરકારની પેસેન્જર ટેક્ષની આવકમાં વાર્ષિક રૂા. ૧૫૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજીત રૂા. ૧૦૦ કરોડનો ઘટાડો થવાનો અંદાજ છે.

### કરંટથી એકનું મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં વાવણીના કાર્યમાં પણ ભારે વેગ આવ્યો છે. દિવેલા અને ઘાસચારાનું વિક્રમી વાવેતર થવા ઉપરાંત ડાંગરનું પણ સારું એવું વાવેતર થશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં સારો વરસાદ થયો છે અને હજુ ૪૮ કલાક સુધી આવો સાર્વત્રિક વરસાદ થશે તેમ મનાઈ રહ્યું છે. ધીમી ધારના રિમઝિમ વરસાદથી જમીનના ભેજ તત્વમાં પણ નોંધપાત્ર વધારો થયો છે અને તેનો સીધો ફાયદો પાકના ઉગાવામાં થશે તેમ ખેડૂતો માની રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાં આજ સુધીમાં ૨૦૦ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આજે સાંજ સુધીમાં માણસામાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. કલોલમાં આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૫ મી.મી. વરસાદ થયો હતો તે સાથે તાલુકામાં કુલ વરસાદ ૧૮૦ મી.મી. થયો છે.

ગાંધીનગર તાલુકામાં આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૩ મી.મી. જેટલો વરસાદ નોંધાતા કુલ વરસાદ ૧૦૨ મી.મી.થયો છે જયારે દહેગામમાં કુલ વરસાદ ૧૧૦ મી.મી. જેટલો થયો છે.

### સોલાર સિટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ નબળા પ્રતિસાદને કારણે ૩૧-૩-૧૪ની સ્થિતિએ માત્ર ૬૯.૮ કરોડનો જ ખર્ચ થયો છે. હવે રાજ્ય સરકારે ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવા માટે ઊર્જા વિભાગ ઉપરાંત નવા રચાયેલા વિભાગ કલાઈમેન્ટ ચેઈન્જને પણ આ જવાબદારી સોંપી છે.

ગાંધીનગર શહેરમાં હાલ ૭ મે.વો. સોલાર વીજ ઉત્પન્ન થઈ રહી છે. જેમાં ૧.૧. મે.વો.ના બે સોલાર પાવર પ્લાન્ટ તેમજ ૪.૭૫ મે.વો. જેટલું વીજ ઉત્પાદન સરકારી અને કેટલાક ખાનગી આવાસોમાં લાગેલી પેનલો દ્વારા ઉત્પન્ન થઈ રહી છે.

જીવરાજ મહેતા ભવન અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરી સંપૂર્ણ સોલાર આધારિત હોવાનો દાવો ઊર્જા વિભાગ કરી રહેલ છે. જો કે સરકારના સત્તાવાર સૂત્રો જ ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવાનો પ્રોજેકટ ૨૦૧૭ માર્ચમાં પૂર્ણ થશે તેમ કહી રહ્યા છે.